આંક–

| | |
|---|---|
| રજુ તા. | ૨૧/૦૮/૨૦૦૯ |
| દાખલ તા. | ૨૧/૦૮/૨૦૦૯ |
| ફેસલ તા. | ૨૩/૦૬/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ:૧૩ માસ:૧૦ દિવસ: ૦૧ |

**મહેરબાન મજુર અદાલત, સુરતના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી જી.જે.થોરીયા સમક્ષ**

**રેફરન્સ(LCS) નંબર : ૬૭૮/૨૦૦૯**

**<u>પ્રથમ પક્ષકાર</u> :**(૧)બોરસરા મશીન્સ,(ડીવીઝન ઓફ હીમસન ટેક્ષટાઈલ્સ એન્જી.ઈન્ડ.લી.)
મો.મોટા બોરસરા ,કીમ રેલ્વે સ્ટેશન, તા.માંગરોલ, જી.સુરત
(૨) જય લક્ષ્મી એન્જીનિયરીંગ
મોટા બોરસરા, કીમ રેલ્વે સ્ટેશન, તા.માંગરોલ, જી.સુરત

**વિરુઘ્ઘ**

**<u>બીજા પક્ષકાર</u> :** શ્રી લક્ષ્મણભાઈ રામદાસ મોરે
ઠે. મુ.પો. વેલંજા , આદર્શ નગર–૧, તા.કામરેજ, જી.સુરત

**<u>હાજર રહયા :</u>** પ્રથમ પક્ષકારો તરફે વિઘ્વાન વકીલશ્રી જયેશ બી.બરવાળીયા
બીજા પક્ષકાર તરફે વિ.પ્ર.શ્રી હિરેન એસ.રાઠોડ

**<u>–:: એવોર્ડ::–</u>**

1) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર અને અનુક્રમે ''**સામાવાળા**'' અને '' **અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

2) આ કામના ગુજરનાર બીજા પક્ષકારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ તે અંગેનો ઔધોગિક વિવાદ

ઉત્પન્ન કરેલ પરંતુ ત્યાં આગળ સદરહુ વિવાદનું સમાધાન નહીં થતા ઔધોગિક વિવાદ ધારો – ૧૯૪૭ની કલમ–૧૦(૧)મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી,સુરતે તેઓના પત્ર ક્રમાંક નંબર **૧૩૦૩૬/૨૦૦૯ તારીખ : ૧૦–૦૮–૨૦૦૯** ધ્વારા અત્રેની કોર્ટ અને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારુ સુપ્રત કરેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**'' શ્રી લક્ષ્મણભાઈ રામદાસ મોરેને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?''**

3) આ કામમાં અરજદાર તરફથી આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની હકિકત નીચે મુજબ છે.

(3.1) માંગણાના નિવેદનમાં તેઓ જણાવે છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં ૧૭ વર્ષથી કલાર્ક તરીકે અને માસિક રૂા.૩,૯૭૩/– ના પગારથી કાયમી કામદાર તરીકે નોકરીની ફરજો બજાવતા હતા અને તેઓ નોકરીમાં દાખલ થયા ત્યારથી જ તેમની નોકરીની ફરજો સંપુર્ણપણે ખંતથી, વફાદારીથી અને કાર્યક્ષમતાથી બજાવતા હતા અને કોઈ દિવસ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ નથી આમ તેઓનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કંલક અને ચોખ્ખો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થા બોરસરા મશીનરી એ એન્જીનીયરીંગ ઉધોગમાં આવેલી છે અને જુદી જુદી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝને લગતા મીનો બનાવવાની અને મશીનરી સપ્લાય કરવાની કામગીરીમાં રોકાયેલી સંસ્થા છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ એ નં.૧ સંસ્થાનું જ માલિકી ડીવીઝન છે નં.૧ ની સીસ્ટર કન્સર્ન છે જેની આશરે ૮ થી ૧૦ જેટલી કંપનીઓ તેજ સરનામે આવેલી છે. જે તમામ સંસ્થાઓમાં ટેક્ષટાઈલ મશીનોના જુદા જુદા પાર્ટસ બનાવવામાં આવે છે અને આ તમામ સંસ્થાઓમાં બનતા મશીનો બોરસરા મશીન્સ (ડીવીઝન ઓફ હીમસન એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ લી.) ના નામે વેચવામા આવે છે. આ તમામ સંસ્થા એક જ માલિકની અને એક જ કુટુંબના સભ્યોની છે.કામદારોને સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતા હતા.

(3.2) વધુમાં અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થામાંથી હાજરી કાર્ડ, પગાર સ્લીપ, રજાના કાર્ડ કે ઓળખપત્ર જેવા કોઈ પુરાવા આપવામાં આવતા ન હતા. બીજા પક્ષકાર કામદાર પાસેથી કામગીરી નં.૧ સંસ્થામાં જ લેવામાં આવતી પરંતુ સંસ્થાઓની કામની સગવડો અને જરૂરીયાત મુજબ સંસ્થાના સંચાલકો ધ્વારા એક યા બીજી સંસ્થામાં કામ માટે મોકલવામાં આવતા હતા. પરંતુ બીજા પક્ષકાર કામદારનું નામ સંસ્થાના કયા ચોપડા ઉપર લખવામાં આવતું તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા સંસ્થા ધ્વારા આપવામાં આવતા ન હતા. તેમજ મજુર કાયદા મુજબના હકકો અને લાભો પણ આપવામાં આવતા ન હતા. તેથી છેવટે સંસ્થામાં કામ કરતા કામદારો એકમત, એકજુથ અને એકસંપ કરીને પગાર વધારા અને નોકરીની શરતો માટે યુનિયન ગુજરાત રાજય કામદાર સેનામાં સભાસદ થયેલ હતા અને સદર યુનિયન મારફતે રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦/૨૦૦૫ નામદાર ઔધોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ ઉપસ્થિત કરાવેલ જે હાલ ન્યાય નિર્ણય અર્થે પડતર છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તે બોરસરા મશીન્સ અને તેની સાથેના અન્ય યુનિટોમાં કુલ્લે મળીને આશરે ૪૦૦ જેટલા કર્મચારીઓ નોકરીની ફરજો બજાવે અને આ તમામ કર્મચારીઓએ બોરસરા મશીન્સની અન્ડરમાં અને તે સંસ્થાના સંચાલકોની સુચના મુજબ અને દેખરેખ હેઠળ કામ કરતા હોવા છતા માત્ર કાયદાની જોગવાઈઓનો દુરપયોગ કરવાના બદઆશય અને બદઈરાદા થી આ કહેવાતી છટણી સંસ્થાના સંચાલકો ધ્વારા ઉભી કરવામાં આવેલી. પ્રથમ પક્ષકાર સંસ્થાને કાયદેસરના મજુર કાયદાઓ લાગુ પડે છે જે જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી સંસ્થાની છે છતાં સંસ્થાના સંચાલકો ખુલ્લેઆમ અને છડેચોક તમામ મજુર કાયદાની જોગવાઈઓનો ભંગ કરીને સંસ્થાઓ ચલાવી રહયા છે. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાના મોટા ભાગના કામદારો યુનિયનમાં જોડાયેલ હતા અને પગાર વધારા અને નોકરીની સારી શરતો માટે આઈ.ડી.એકટની જોગવાઈઓ હાથ ધરતા સદર યુનિયન એકટીવીટીઝ છીન્નભીન્ન કરવાના બદઆશય અને બદઈરાદેથી તેમજ બીજા પક્ષકાર કામદાર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ રેફરન્સ (આઈ.ટી) નં. ૧૦/૦૫ ઈનફકચ્યુઅસ બનાવવાના એકમાત્ર બદઈરાદાથી પ્રથમ પક્ષકાર

સંસ્થાએ તમામ કામદારોને કહેવાતી છટણીના નામે નોકરીમાંથી છુટા કરી દીધેલા જે સંસ્થાનું કુત્ય આઈ.ડી.એકટની કલમ–૨૫ (એફ) અને (એચ) ના સીધેસીધા ભંગ સ્વરૂપનું છે.

(3.3) વધુમાં સંસ્થાના સંચાલકો ધ્વારા બીજા પક્ષકાર કામદારને કોઈ હકકો કે લાભો પણ આપવામાં આવતા ન હતા તેથી યુનિયનને મારફતે સરકારી ઓથોરીટીઓને અને જવાબદાર અધિકારીઓને ફરીયાદો પણ કરેલ જે અંગે જવાબદાર અધિકારીઓ ધ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ ન હતી. તેથી બીજા પક્ષકાર કામદાર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં.૨૩૦૮૯/૨૦૦૭ થી જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય તે ડાયરેકશન ઈસ્યુ કરવા બાબતે દાખલ કરેલ જેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા તા.૦૭/૦૯/૨૦૦૭ ના હુકમ થી સરકારી શ્રમ અધિકારી, નાનપુરા, સુરતનું કાયદાની જોગવાઈઓના ભંગ બાબતે બીજા પક્ષકારના યુનિયન ધ્વારા દાખલ કરવામાં આવેલ અરજી અંગે જરૂરી તે કાર્યવાહી યુનિયનની અરજી મળ્યેથી બે મહિનામાં ડીસાઈડ કરવાનું ડાયરેકશન આપવામાં આવેલ પણ તે અંગે સરકારી શ્રમ અધિકારીએ નામદાર હાઈકોર્ટનો હુકમ હોવા છતાં કોઈ કાર્યવાહી હાથ ધરેલ ન હતી. જેથી તે અંગે ફરીથી યુનિયન ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં.૬૬૪૫/૨૦૦૮ અને ત્યાર બાદ એલ.પી.એ.નં. ૯૪૩/૨૦૦૮ ફાઈલ કરવામાં આવેલ જે નામદાર હાઈકોર્ટ ધ્વારા જરૂરી ડાયરેકશન આપીને ડીસ્પોઝ ઓફ કરવામાં આવેલ. ઉપરોકત હકિકત ઉપરથી એ સાબિત થાય છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા મજુર કાયદાઓનો ભંગ કરવામા આવે છે અને આ બાબતે બીજા પક્ષકાર કામદાર ધ્વારા સરકારી અધિકારીઓને આપેલ અરજીઓની આજ દિન સુધી કોઈ તપાસ કરવામાં આવેલ નથી. તેથી બીજા પક્ષકાર કામદાર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા વિવાદોને ઈનફકચ્યુઅસ બનાવવાના બદઆશય અને બદઈરાદાથી સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને આઈ.ડી.એકટ ની કલમ–૨૫(એફ), (જી) અને (એચ) નો ખુલ્લેઆમ અને છડેચોક ભંગ કરીને તદ્દન ગેરકાયદેસર રીતે નોકરીમાંથી કહેવાતી છટણીના નામે તા.૨૧/૦૬/૨૦૦૬ ના રોજથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ જે આ કુત્ય અયોગ્ય, અન્યાયી

અને ગેરકાયદેસરનું હોવા ઉપરાંત મનસ્વી, જુલ્મી, અનફેર લેબર પ્રેકટીસનું અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું પણ છે.

(3.4) વધુમાં જણાવે છે કે આ તમામ સંસ્થા એક જ કુંટુબના સભ્યો છે તે અંગેની માહિતી બીજા પક્ષકાર કામદાર ને રાઈટ ટુ ઈર્ન્ફમેશન હેઠળ તા.૩૦/૧૧/૨૦૦૬ ના પત્રથી નાયબ નિયામક ઔધોગિક સલામતી અને સ્વાસ્થય સુરત ધ્વારા આપવામાં આવેલ હતી અને સાથે સાથે બીજા પક્ષકારને મળેલ માહિતી મુજબ માલિકનું સરનામું જે દર્શાવવામાં આવેલ છે તે પણ હીમસન હાઉસ, પાર્લે પોઈન્ટ, સુરત દર્શાવામાં આવેલ છે જે દર્શાવે છે કે તમામ સંસ્થા એક જ કુંટુબના માલિકની છે અને કામગીરી ટેક્ષટાઈલને લગતી છે તેથી આઈ.ડી.એકટના ચેપ્ટર ૫ (બી) ની એપ્લીકેબીલીટી અને સાથેસાથે કોઈપણ કામદારને નોકરીમાંથી છુટા કરવા હોય અને સંસ્થામાં ૧૦૦ થી વધુ કામદારો નોકરીની ફરજ બજાવતા હોય ત્યારે આઈ.ડી.એકટની કલમ–૨૫ (એન) ની જોગવાઈઓના ફરજીયાત જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેનો પણ ભંગ કરેલ છે.

(3.5) વધુમાં જણાવે છે કે અરજદારને પ્રથમ પક્ષકાર સંસ્થાઓ ધ્વારા તા. ૨૧/૦૬/૨૦૦૬ ના રોજથી કહેવાતી છટણીના નામે છુટા કરવામાં આવ્યા હતા તે પહેલા નામદાર ગુજરાત સરકારની કે ઓથોરીટીની પરવાનગી લેવામાં આવેલ ન હતી અને કોઈ કામદારોનું કોઈ સીનીયોરીટી લીસ્ટ સંસ્થાના બોર્ડ ઉપર લગાવવામાં આવેલ નથી. તેમજ છુટા કર્યા બાદ બીજા પક્ષકાર કામદારની જગ્યાએ નવા કામદારોની ભરતી કરવામાં આવેલ છે. ઉપરાંત છુટા કરવામાં આવ્યા ત્યારે નામદાર ઔધોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ બીજા પક્ષકાર કામદારે યુનિયન ધ્વારા રેફરન્સ(આઈ.ટી.) નં.૧૦/૨૦૦૫ ન્યાય નિર્ણય અર્થે પડતર હતો અને પેન્ડીંગ ઔધોગિક વિવાદ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા અગાઉ સંસ્થાઓ ધ્વારા નામદાર ઔધોગિક ન્યાયપંચ સમક્ષ એપ્રુવલ અરજી ફાઈલ કરીને નામદાર ન્યાયપંચની પરવાનગી લેવામાં આવેલ નથી અને તે રીતે સંસ્થાઓનું નોકરીમાંથી છુટા કરવાનુ કુત્ય આઈ.ડી. એકટની કલમ ૩૩ અને ૯ (એ) ની જોગવાઈઓના ભંગ સ્વરૂપનું છે.

(3.6) બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓએ નોકરી મેળવવા માટે બીજી ઘણી જગ્યાએ પ્રયત્ન કરવા છતાં નોકરી મળી શકેલ ન હતી અને હાલ પણ તેઓ બેકારીની હાલતમાં જીવી રહયા છે. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા હાલ પણ ચાલુ છે અને જો બીજા પક્ષકાર કામદારને આજે પણ કામ પર રાખે તો તેઓ કામ ઉપર હાજર થવા તૈયાર છે. અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી દરેક વરસમાં ૨૪૦ દિવસો ઉપરાંતની કામગીરી કરેલી હતી અને છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં પણ ૨૪૦ દિવસો ઉપરાંતની કામગીરી કરેલી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકાર કામદારને કોઈ નોકરીને લગતા પુરાવા આપવામાં આવેલ નથી. તેથી બીજા પક્ષકાર કામદારનું રેકર્ડ કઈ સંસ્થામાં રાખવામાં આવતું તેની તેઓને જાણ ન હતી. પરંતુ સંસ્થા ધ્વારા જયારે છટણીની નોટીસ મોકલવામાં આવી ત્યારે બીજા પક્ષકાર કામદારને જાણ થયેલ કે તેઓનું નામ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા નં.૨ સંસ્થાના ચોપડા ઉપર લખવામાં આવતુ. જેથી બીજા પક્ષકારની નોકરીને લગતા તમામ દસ્તાવેજો પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના કબજા અને નિયંત્રણમાં છે જેથી તે પ્રથમ પક્ષકાર સંસ્થા નામદાર કોર્ટ સમક્ષ રજુ કરે તે ન્યાયના હીતમાં જરૂરી છે. આમ અરજદારને તા.૨૧/૬/૦૬ ના રોજ છુટા કરવાનું કુત્ય ગેરકાયદેસર, અન્યાયી, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તથા આઈ.ડી.એકટની કલમ ૨૫ (એફ), (જી) અને ચેપ્ટર ૫ (બી) કલમ ૨૫(એન) ની જોગવાઈઓના સીધેસીધા ભંગ સ્વરૂપનું છે. તેથી અરજદારને પડેલા દિવસોના પુરા પગાર, સળંગ નોકરી સાથે અને તમામ લાભો સહિત અને ખર્ચ સહિત પુન:સ્થાપિત કરવાની દાદ માંગેલ છે.

4) સામાવાળા નં.૧ સંસ્થાએ **આંક-૧૩** ના ઓએ પોતાનો જવાબ રજૂ કર્યો છે. જેની મહત્વની હકિકત નીચે મુજબ છે.

(4.1) સામાવાળાએ અરજદાના માંગણાના નિવેદનની હકીકતોનો સર્વથા ઈન્કાર કરેલો છે, આવો માંગણાનું નિવેદન કરવાનો હક કે અધિકાર નથી, મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝ ના સિધ્ધાંતને આધારે કાયદા પ્રમાણે ટકી શકે તેમ નથી, સદર રેફરન્સ કરતા અગાઉ જે કાયદા પ્રમાણે વિધી થવી જોઈએ તે થઈ નથી અને રેફરન્સ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી તેથી કોર્ટને કેસ ચલાવવાની, સાંભળવાની કે તેનો

નિર્ણય કરવાની સત્તા, હકુમત કે જ્યુરીશડીકશન નથી, માંગણાનું નિવેદન કાયદા પ્રમાણે ટકી શકતુ નથી, માલિક–કામદારનો સંબંધ અસ્તિત્વમાં નહતો તેમજ કેસ કોઝ ઓફ એકશન વિના કરેલ છે અને તે રદ થવા પાત્ર છે.

(4.2) વધુમા પ્રથમ પક્ષકાર નં.૧ જણાવે છે કે, અરજદારે તેઓની સંસ્થામાં કયારેય પણ કામદાર તરીકે કામ કરેલ નથી તેથી પ્રથમ પક્ષકાર નં.૧ અને બીજા પક્ષકાર વચ્ચે કયારેય પણ કામદાર–માલિકના સંબંધ અસ્તિત્વમાં ન હતા અને તેઓનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો હતો તે વાત કબુલ નથી. ખરી હકિકતમાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં તા.૧૯/૦૭/૧૯૮૯ ના રોજથી જોડાયેલા. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારો એકમતે,એમજુથ અને એકસંપ કરીને યુનિયન ગુજરાત રાજય કામદાર સેનામાં તેમના પગાર વધારા અને નોકરીની સારી શરતો માટે કહેવાતો રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦/૦૫ નામદાર ઔધોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ ઉપસ્થિત કરાવેલ હોવા બાબત તકરાર નથી પરંતુ જે ઔધોગિક વિવાદ હાલમાં નામદાર ઔધોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ ન્યાય નિર્ણય અર્થે પડતર હોવાની હકિકત ખોટી છે અને કબુલ નથી. ખોટી ખોટી હકિકતો ઉપજાવી કાઢી કહેવાતો રેફરન્સ (આઈ.ટી.) નં.૧૦/૦૫ કરવામાં આવેલ જે રેફરન્સ કેસ નામદાર ઔધોગિક ન્યાયપંચે રદ કરેલ.

(4.3) વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદારે યુનિયન ધ્વારા નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ.નં.૨૩૦૮૯/૨૦૦૭ અને ૬૬૪૫/૨૦૦૮ અને ત્યારબાદ એલ.પી.એ.૯૪૩/૨૦૦૮ ફાઈલ કરવામાં આવેલ હોવાની અને જે નામદાર હાઈકોર્ટ ધ્વારા જરૂરી ડાયરેકશન આપીને ડીસ્પોઝ ઓફ કરવામાં આવેલ હોવાની તમામ હકિકત બીજા પક્ષકારે પુરવાર કરવી જોઈએ અને આવી હકિકતોનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કારણ કે ખરી હકિકતમાં સ્પે.સી.એ.નં.૨૩૦૮૯/૨૦૦૭ અને ૬૬૪૫/૨૦૦૮ અને એલ.પી.એ.નં.૯૪૩/૨૦૦૮ સર્વજીતસીંગ રામબહાદુર સીંગે કરેલ હતી અને તે તેમાં થયેલ હુકમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ અલગ લીસ્ટથી રજુ કરશે.

(4.4) વધુમાં પ્રથમ પક્ષકાર જણાવે છે કે, ખરી હકિકતમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાને તા.૩૧/૦૮/૧૯૯૯ ના રોજનું લેખિત રાજીનામુ તેમની સ્વેચ્છાએ, સ્વતંત્ર પણે તેમની રાજીખુશીથી, સંપુર્ણ સભાન અવસ્થામાં કોઈના કોઈપણ જાતના દાબ–દબાણ વગર આપેલ. મજકુર રાજીનામાંમા બીજા પક્ષકારે સ્પષ્ટપણે જણાવેલ કે તેઓ રાજીખુશીથી દાબ– દબાણ વગર રાજીનામું મુકે છે અને તે રાજીનામુ સ્વીકારી તેમનો કાયદેસરનો હિસાબ આપવા જણાવેલ. તેથી રાજીનામું તે જ દિવસે તેમની હાજરીમાં સ્વીકારવામાં આવેલ અને જેની તેઓએ નોંધ લીધેલ અને તેમની સહિ પણ કરેલ.આ રાજીનામું બીજા પક્ષકારે સાક્ષીઓ (૧) શ્રી જયંતિ એલ.મિસ્ત્રી અને (૨) શ્રી શૈલેષ આર. જોરાપીયા ની હાજરીમાં આપેલ. બીજા પક્ષકાર કામદારે તા.૩૧/૦૮/૧૯૯૯ ના રોજ રાજીખુશીથી, વાંચી વંચાવી, સમજી વિચારી કોઈ પણ જાતના દાબ–દબાણ વિના રાજીનામું આપી તેમને કાયદેસરના નીકળતા હકકોના નાણા જેવા કે ગ્રેજયુઈટી, બોનસ, ૧ મહિનાનો નોટીસ પગાર, હકક રજા તથા એકસગ્રેસીયાના થઈને રૂા.૨૨,૯૪૬/– ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ તરીકે પહોંચ પર સહિ કરી બે સાક્ષીઓની હાજરીમાં સ્વીકારેલ જે રોકડેથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ ચુકવી આપેલ. તેમજ બીજા પક્ષકાર કામદારે મજકુર પહોંચમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''મેં કે મારા કોઈ પ્રતિનિધિએ આપશ્રી સામે કોઈ કોર્ટ કેસ, ચેપ્ટર કે ફરીયાદ કે પ્રકરણ ઉભુ કરેલ નથી કે કોઈ સરકારી, અર્ધસરકારી કચેરીમાં આપશ્રી વિરુધ્ધ અરજી, કેસ કે ફરીયાદ દાખલ કરેલ નથી. તેમ છતાં આવી કોઈ અરજી કે કેસ, ફરીયાદ નીકળી આવે તો આ લખાણથી રદ બાતલ થાય સહિ.'' આથી બીજા પક્ષકાર કામદારનો હાલનો કેસ ચાલી શકતો નથી અને રદ થવા પાત્ર છે.

(4.5) બીજા પક્ષકારે તા. ૩૧/૦૮/૧૯૯૯ ના રોજ નોકરીમાંથી રાજીનામું તથા ફુલ એન્ડ ફાઈનલ સમાધાન કરેલ હોવાથી અને ત્યારબાદ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં ફરજ બજાવેલ નથી જે કારણસર તા.૩૧/૦૮/૧૯૯૯ પછી પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે કામદાર–માલિકનો સંબંધનો અંત આવેલ તેથી છુટા કરવાનો પ્રશ્ન રહેતો જ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ નાએ તા.

૩૧/૩/૨૦૧૫ ના રોજથી પ્રોડકશન બંધ કરેલ છે. હાલમાં સંસ્થામાં કોઈ પણ પ્રકારની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ નથી. આથી બીજા પક્ષકાર ધ્વારા ઉપસ્થિત કરવામા આવેલા વિવાદોને ઈનફકચ્યુઅસ બનાવવાના બદઆશ્ચ અને બદઈરાદાથી આઈ.ડી. એકટની કલમ -૨૫(એફ) (જી) અને (એચ) નો ખુલ્લેઆમ છડચોક ભંગ કરવાનો કે સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તદ્દન ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છટણીના નામે તા.૨૧/૦૬/૨૦૦૬ ના રોજથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ હોવાનો કે પ્રથમ પક્ષકાર સંસ્થાનું તેવું કુત્ય હોવાનું કે તેવું કુત્ય અયોગ્ય , અન્યાયી અને ગેરકાયદેસરનું, મનસ્વી, જુલ્મી, બદઈરાદાવાળુ, અનફેર લેબર પ્રેકટીસનું અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આમ, રેફરન્સ રદ કરવા વિનંતી કરેલ છે.

5) સામાવાળા નં.૨ સંસ્થાએ **આંક-૧૫** ના ઓએ પોતાનો જવાબ રજૂ કર્યો છે. જેની મહત્વની હકિકત નીચે મુજબ છે.

(5.1) સામાવાળાએ અરજદાના માંગણાના નિવેદનની હકીકતો કબુલ મંજુર નથી, માંગણાના નિવેદનના કથનો ખોટા, બનાવતી તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનુ હોય, રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડતો હોય, માંગણાનું નિવેદન કાયદા પ્રમાણે ટકી શકતુ નથી અને તે રદ થવા પાત્ર છે.

(5.2) વધુમાં જણાવે છે કે પ્રથમ પક્ષકાર નં.૨ અને પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા અલગ-અલગ અસ્તિત્વ ધરાવે છે, વહીવટ પણ અલગ અલગ કરવામાં આવે છે અને એક સંસ્થાના સંચાલન, દેખરેખ, અંકુશ, વહીવટમાં બીજી સંસ્થાના કોઈ પણ વ્યકિતનો હસ્તક્ષેપ કરવામાં આવતો નથી. તેમજ કામદારોને એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં ફેરફાર કરવામાં આવતા નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ એ ૧ સંસ્થાનું જ માલિકી ડીવીઝન હોવાનું અને નં.૧ ની સીસ્ટર કન્સર્ન જ છે જેથી આશરે ૮ થી ૧૦ જેટલી કંપનીઓ તેજ સરનામે આવેલી હોવાની વાત કરી રહયા છે જયારે બીજા પક્ષકાર પોતાના સ્ટેટમેન્ટ ઓફ કલેઈમમાં પોતે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં જ કામગીરી કરતા હોવાનું રટણ કરે છે, અને કામદારોને

સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતા હતા તે વાતનો ભારપૂર્વક ઈન્કાર કરે છે.

(5.3) વધુમાં જણાવે છે કે બીજા પક્ષકાર કામદારના કહેવા પ્રમાણે માની લેવામાં આવે તો ૨૦૦૯ ના કે ૨૦૦૭ ના વર્ષમાં કેસ કરનાર કામદારોએ પોતાના રેફરન્સમાં ૨ થી વધુ સંસ્થાનો ઉલ્લેખ કેસમાં કરેલ નથી તો તે તમામ કામદારોએ કયા આધાર પુરાવાના આધારે પ્રથમ પક્ષકાર નં.૧ અને પ્રથમ પક્ષકાર નં.ર સંસ્થાઓના નામો લખેલ જેમાં તમામ કેસોમાં પ્રથમ પક્ષકાર નં.૧ કોમન લખવામાં આવેલ છે. જયારે પ્રથમ પક્ષકાર નં.ર તરીકે તેમણે ખરેખર જે સંસ્થામાં કામ કરેઈ તે જ સંસ્થાનું નામ લખેલ છે.તેમજ બીજા પક્ષકાર કામદારે તેમના માંગણાના નિવેદનમાં જે રેફ.આઈ.ટી.નં.૧૦/૨૦૦૫ નો ઉલ્લેખ કરેલ છે તે કેસનો નિકાલ થઈ ગયેલ છે અને તેનાથી બીજા પક્ષકારને કોઈ કાયદાકીય મદદ મળતી નથી, જે કામદાર જે સંસ્થામાં કામ કરતા હતા તે સંસ્થામાં તેમને કાયદાકીય સાહિત્યો આપવામાં આવતા હતા. તેમજ બીજા પક્ષકાર કામદારે સ્પે.સીવીલ એપ્લીકેશનનો ફકત અમારુ યુનિયન હાઈકોર્ટમાં ગયેલ એવું જાહેર કરેલ છે કોઈ ગાઈડલાઈન્સવાળા કેસો નથી. પ્રથમ પક્ષકાર નં.ર ના તરફથી કાયદેસરની કાર્યવાહી કરી નિયમસરની નોટીસો લાગુ પડતા સરકારી તંત્રોને આપી આર્થિક રીતે પ્રથમ પક્ષકાર નં.ર સંસ્થાને ચાલુ રાખવી પોષાય તેમ ન હોવાના કારણે સંસ્થા કાયદેસરના હકક, હિસ્સાના નાણા, બીજા પક્ષકારને સ્વીકારવા જણાવતા ન સ્વીકારેતા ચેક/મની ઓર્ડરથી મોકલવામાં આવે છે અને નોટીસ આપવામાં આવેલ છે અને સંસ્થા તરફથી બીજા પક્ષકારને જે નાણાકીય ચુકવણી કરવામાં આવી હતી તે અંગે વિગતવાર જણાવેલ છે. જેથી પ્રથમ પક્ષકાર નં. ૨ એ કોઈ કાયદાકીય ભંગ કરેલ નથી અને જયારે સંસ્થા પુન: ચાલુ કરવામાં આવેલ જ ન હોય તો આઈ.ડી.એકટની કલમ−૨૫(એચ) નો કયારેય ભંગ કરેલ ન હતો અને નથી.

(5.4) વધુમાં જણાવે છે કે બીજા પક્ષકારે અન્ય કામદારોની માફક કોમન પક્ષકાર તરીકે પ્રથમ પક્ષકાર નં.૧ તરીકે રજુ કરેલ છે, જયારે બીજા પક્ષકાર અને તેમના યુનિયનએ પ્રથમ પક્ષકાર નં.ર સંસ્થાનો ઉલ્લેખ કરેલ છે જે તેમના પ્રતિનિધિ

યુનિયનને સ્વીકાર્ય હતી તેમજ બોરસરા મશીન્સમાં જે વ્યકિત કામ કરતી હોય તેને સંસ્થા તરફથી કાયદેસરનો નોટીસ વ્યવહાર કરવામાં આવેલ અને જે વ્યકિત અન્ય સંસ્થામાં કામ કરેલ તેમને તે સંસ્થાએ નોટીસ વ્યવહાર કરેલ છે. ઉપરાંત પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં ૧૦૦ થી વધુ કામદારોએ કામ કરેલ ન હોય તેથી સંસ્થાએ કોઈ કાયદાનો ભંગ કરેલ નથી તેમજ સંસ્થા તા.૨૮/૨/૨૦૦૯ થી બંધ કરવામાં આવેલ છે અને પ્રથમ પક્ષકાર નં.ર તરફથી તમામ પ્રકારની કરવી જોઈતી કાયદાકીય કાર્યવાહી કરી બીજા પક્ષકારનું સીનીયોરીટી લીસ્ટ બનાવી છુટા કરેલ હતા. તેથી કાયદાકીય મર્યાદામા રહીને બીજા પક્ષકાર ને છુટા કરેલ છે.

(5.5) વધુમાં પ્રથમ પક્ષકાર નં.ર ના બીજા પક્ષકાર કામદાર હતા તેવું સ્વીકારતા હોવા છતાં તેઓ કઈ સંસ્થામાં કામ કરતા હતા તેવું જણાવેલ છે જરૂર જણાય તો દસ્તાવેજો રજુ કરવાના સમયે પ્રથમ પક્ષકાર નં.ર આવા દસ્તાવેજો રજુ કરશે. આમ, રેફરન્સ રદ કરવા વિનંતી કરેલ છે.

6) બંને પક્ષકારો તરફે કોઈ એ જ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી તથા દલીલો પણ કરવામાં આવેલ નથી. તેથી રોજકામમાં તબકકાવાર હકક બંધ થયેલા છે.

7) ઉપરોકત ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ પડેલ પુરાવા અને પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુ દદા ઓ::–**

૧) શું આ કામના અરજદારને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગર સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા મતદાન થાય છે?

૩) શું હુકમ?

**–::નિ ષ્ક ર્ષ::–**

1) નકારમાં

2) નકારમાં

3) આખરી હુકમ મુજબ

**-::પરામર્શ::-**

**<u>મુદદા નંબર ૧ અને ર :-</u>**

8) પ્રસ્તુત કેસમાં મુદા નં.૧ અને ર ની હકિકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોય બિનજરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

9) આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાની અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનુ પુરવા કરવાનું રહે.

(9.1) આ તબકકે ઔ.વિ. ધારા કલમ-ર (એસ) કે જેમાં કામદારની વ્યાખ્યા આપવામાં આવેલી જે લક્ષમાં લેવી જરૂરી છે. રેકર્ડ વંચાણે લેતા અરજદાર તરફે લેશ માત્ર દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ થયુલ નથી. તેથી આંક-રપ નીચે હુકમ કરી અરજદારના પુરાવાનો હકક બંધ થયેલો છે. આમ, પુરાવા વિહીન પક્ષ નિવેદનનો અર્થ રહેતો નથી. આમ, માંગણાના નિવેદનના સમર્થનમાં લેશ માત્ર પુરાવો ન હોવાથી અરજદાર સામાવાળાના કામદાર હોવાની હકિકત, કલમ-રપબી મુજબ કામગીરી કરેલાની હકિકત તથા ગેરકાયદેસર રીતે છટણી કરેલાની હકિકત પુરવાર થતી નથી. તેથી મુદ્દા નં.૧ અને ર નો જવાબ ''નકાર'' માં ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

હાલનો રેફરન્સ નામંજુર યા ને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**( ઘનશ્યામ જયંતભાઈ થોરીયા )**
પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, સુરત.
**GJ00842**

તારીખ : ર૩/૦૬/ર૦ર૩
સુરત
RK

REF.NO.678/09